પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૧ ૧૨ એપ્રિલ, ૨૦૧૯, શુક્રવાર; ચૈત્ર સુદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પ્રથમ તબક્કામાં શાંતિપૂર્ણ મતદાન

**પ્રથમ ચરણમાં ૯૧ બેઠકો પરના ૧૨૭૯ ઉમેદવારોના ભાવિ સીલ : પ્રથમ તબક્કામાં ૧૪.૨૦ કરોડ મતદારો પૈકી મોટા ભાગના મતદારો મતદાન કરવા બહાર નિકળ્યા : ૧.૭૦ લાખ પોલિંગ બુથ પર મતદાન**





નવી દિલ્હી,તા. ૧૧

૧૭મી લોકસભાની ચૂંટણી માટેની પ્રક્રિયા આજે વિધિવત રીતે શરૂ થઈ હતી. ૨૦ રાજ્યોને આવરી લેતી ૯૧ લોકસભા સીટ પર આજે શાંતિપૂર્ણ રીતે પ્રથમ તબક્કામાં મતદાન પૂર્ણ થયું હતું. આની સાથે જ ૧૨૭૯ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ઉમેદવારોમાં ૮૯ મહિલાઓ પણ સામેલ રહી છે. પ્રથમ તબક્કામાં ઉંચા મતદાન માટે તમામ પ્રયાસ અગાઉ કરવામાં આવ્યા હોવા છતાં નોંધપાત્રરીતે વધારો થયો ન હતો. ચૂંટણી પંચ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ઈવીએમમાં નુકસાનના કેટલાક બનાવો બન્યા છે જે પૈકી આંધ્રમાં ૬, અરુણાચલમાં પાંચ, બિહારમાં એક, મણિપુરમાં એક અને બંગાળમાં એક બનાવ બન્યો છે. બસ્તરના દાંતેવાડા જિલ્લામાં મતદારોએ કોઈપણ દહેશત વગર મતાધિકારનો ઉપયોગ કર્યો હતો અને અહીં ૭૭ ટકા જેટલું ઉંચુ મતદાન થયું હતું. સિક્કિમમાં એક સીટ માટે ૬૯, મિરોઝરમમાં એક સીટ માટે ૬૦, નાગાલેન્ડમાં એક સીટ માટે ૭૮, મણિપુરમાં એક સીટ માટે ૭૮.૨, ત્રિપુરામાં એક સીટ માટે ૮૧.૮, આસામમાં પાંચ સીટ માટે ૬૮ અને બંગાળમાં બે સીટ માટે ૮૧ ટકા જેટલું ઉંચુ મતદાન થયું હતું. જમ્મુ કાશ્મીરમાં ૫૪.૪૯, ઉત્તરાખંડમાં ૫૭.૫૮ ટકાથી વધુ, તેલંગાણામાં ૬૦ ટકાથી વધુ, આંધ્રમાં ૫૫ ટકાથી વધુ, છત્તીસગઢમાં ૫૬ ટકાથી વધુ, આંદામાન અને નિકોબારમાં ૭૦ ટકાથી વધુ મતદાન થયું હતું. ઉત્તરપ્રદેશમાં પણ આઠ બેઠકો ઉપર ઉંચુ મતદાન થયું હતું. મતદાન બાદ તમામ દિગ્ગજોના ભાવિ સીલ થઈ ગયા હતા. અગાઉ આજે સવારે અભૂતપૂર્વ ઉત્સાહ અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાનની શરૂઆત થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

## આંધ્રપ્રદેશના અનંતપુરમાં મતદાન દરમિયાન હિંસા : ૨ના મોત

અમરાવતી,તા.૧૧

આંધ્ર પ્રદેશના અનંતપુરમાં મતદાન દરમિયાન હિંસા ભડકી ઉઠી, ટીડીપી અને આઈએસઆર કોંગ્રેસ (વાયએસઆરસીપી) વચ્ચે ભડકેલી હિંસામાં વાઈએસઆર કોંગ્રેસના કાર્યકર્તાઓના હુમલામાં તદીપત્રીના સ્થાનિક ટીડીપી નેતા ભાસ્કર રેડ્ડીની હત્યા થઈ છે.

## કૈરાના વિસ્તારમાં બીએસએફ જવાનોએ હવામાં ફાયરિંગ કર્યું

કૈરાના,તા.૧૧

પશ્ચિમ ઉત્તર પ્રદેશની કૈરાના લોકસભા સીટના એક પોલિંગ બૂથમાં મતદાન દરમિયાન અમુક લોકોએ કોઈપણ ઓળખાણ પત્ર વગર જબરદસ્તી મતદાન કરવાનો પ્રયાસ કર્યો હતો. આના પર સુરક્ષામાં તૈનાત મ્જીહ્લના જવાનોએ તેમને રોક્યા હતા, પરંતુ તેમ છતા લોકો તરફથી વિરોધ ચાલુ રહેતા મ્જીહ્લના જવાનોએ હવામાં ફાયરિંગ કર્યું હતું.

## પ્રથમ ચરણમાં ક્યાં - કેટલું મતદાન

| રાજ્ય | મતદાન (ટકામાં) |
|---|---|
| સિક્કિમ-૧ | ૬૯ |
| મિઝોરમ-૧ | ૬૦ |
| નાગાલેન્ડ-૧ | ૭૮ |
| મણિપુર-૧ | ૭૮.૨ |
| ત્રિપુરા-૧ | ૮૧.૮ |
| આસામ-૫ | ૬૮ |
| બંગાળ-૨ | ૮૧ |
| જમ્મુ કાશ્મીર-૨ | ૫૪.૪૯ |
| ઉત્તરાખંડ-૫ | ૫૭.૫૮ |
| તેલંગાણા-૧૭ | ૬૦ |
| આંધ્રપ્રદેશ-૨૫ | ૫૫ |
| છત્તીસગઢ-૧ | ૫૬ |
| આંદામાન-નિકોબાર-૧ | ૭૦.૬૭ |
| બિહાર-૪ | ૫૦.૨૮ |
| લક્ષ્યદ્વીપ-૧ | ૬૫.૯ |
| મેઘાલય-૨ | ૬૨ |
| અરુણાચલ-૨ | ૬૬ |
| મહારાષ્ટ્ર-૭ | ૫૬ |
| ઓરિસ્સા-૪ | ૬૮ |

નોંધ : ટકાવારીના આંકડામાં બેથી ત્રણ ટકાનો અંતર હોઈ શકે છે.

## જનસેનાના ઉમેદવારે ઈવીએમ તોડ્યુ

આંધ્ર પ્રદેશમાં જનસેનાના ઉમેદવારે ઈવીએમ તોડી દીધુ છે. જે બાદ તેમની ધરપકડ કરાઈ. જનસેના પાર્ટીના ઉમેદવાર મધુસૂદન ગુપ્તા પર અનંતપુરમાં ઈવીએમને તોડવાનો આરોપ લગાવાયો છે. ગુપ્તાએ પોલિંગ બૂથની અંદર ઈવીએમ ફર્શ પર ફેંકી દીધુ હતુ.


# રાહુલ પર અમેઠીમાં સાત વખત લેસર ગન તાકવામાં આવી: કોંગ્રેસની ફરિયાદ


**કોંગ્રેસના આક્ષેપ આધારવગરના : ગૃહમંત્રાલય : કોંગ્રેસે લેસર લાઇટનો ઉલ્લેખ કર્યો તે તેમના કેમેરામેનના મોબાઇલ ફોનની લાઇટ છે : કેન્દ્ર સરકાર તરફથી ખુલાસો**

અમેઠી, તા. ૧૦

અમેઠીમાં ઉમેદવારીપત્ર ભરવાના ગાળા દરમિયાન કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની સુરક્ષામાં ગાબડાને લઈને કોંગ્રેસ પાર્ટી સક્રિય થઈ ગઈ છે. કોંગ્રેસ પાર્ટીએ આક્ષેપ કરતા કહ્યું છે કે, રાહુલ ગાંધીની સુરક્ષામાં મોટી ભુલ થઈ હતી. રાહુલ ગાંધીની સુરક્ષામાં આરોપને લઈને કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા પણ હવે જવાબ આપવામાં આવ્યો છે. સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ દ્વારા કોંગ્રેસના આક્ષેપોને રદિયો આપવામાં આવ્યો છે. કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધીની સુરક્ષામાં

● અનુસંધાન પાન-૭ પર




## 'ચૂંટણી બોન્ડ' અંગે શુક્રવારે નિર્ણય

'ચૂંટણી બોન્ડ' મામલે કેન્દ્ર સરકારે કહ્યું છે કે રાજકીય પક્ષો દ્વારા દાન માટે શરુ કરાયેલી ચૂંટણી બોન્ડની યોજના એક નીતિગત નિર્ણય છે. આમાં કોઈ ખામી નથી. કોર્ટે ચૂંટણી બોન્ડ યોજનાને પડકારતી જનહિતની અરજી પર સુનવણી પૂર્ણ કરતા કહ્યું છે કે આ મામલે શુક્રવારે આદેશ સંભળાવવામાં આવશે.

## તેલંગાણાને માનવ અધિકાર આયોગની નોટીસ

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે તેલંગાણા સરકારને એક નોટીસ મોકલી આપી છે. આ રીપોર્ટ વિવિધ મીડિયા અહેવાલોના આધારે મોકલવામાં આવી છે. રીપોર્ટ અનુસાર મનરેગા યોજના હેઠળ કાર્ય કરી રહેલી ઓછામાં ઓછી ૧૦ મહિલાઓના મૃત્યુ નીપજ્યા છે. આ ઘટના તેલંગાણાના નારાયણપેટ જિલ્લાની છે.







